શ્રીમતી મંજુલાબેન કે ચૌહાણના કેસમાં નામ.
ટ્રીબ્યુનલના ચુકાદાનો અમલ કરવા બાબત.

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/એસસીએ-૦૯/બ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૧૯

આમુખ:-

1. નામદાર ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ગાંધીનગર સમક્ષ અપીલ ક્રમાંક:૫૧/૨૦૧૭ નાં કેસમાં થયેલ સુનવણી અન્વયે આપેલ ૦૯/૦૮/૨૦૧૮ નાં રોજનો ચૂકાદો.
2. હિસાબ અને તિજોરી નિયામકની કચેરીના પત્ર ક્રમાંક: હિતિનિ/પ.ચ.એકમ/યુ.નં૧/ઈ.નં.૨૯૨૧૨, તા:૫/૯/૨૦૧૮
3. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, દહેગામના હુકમ ક્રમાંક: આઈડીએસ/મકમ/વ-૩૭૩-૭૫/૨૦૦૮, તા. ૧૭/૪/૨૦૦૮
4. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, દહેગામના હુકમ ક્રમાંક: આઈડીએસ/મકમ/વ-૩૮૯-૮૧/૨૦૦૮, તા. ૨૩/૪/૨૦૦૮
5. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, દહેગામના હુકમ ક્રમાંક: આઈડીએસ/મકમ/વ-૭૦૭-૦૮/૨૦૦૮, તા. ૫/૮/૨૦૦૮
6. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૬/૪૪૩૭૪/બ, તા. ૧૪/૮/૨૦૧૭

પ્રસ્તાવના:-

જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠાના આદેશ ક્રમાંક: સી.૯/મકમ/ઉચ્ચ/પગારધોરણ/એસ.આર./વશીઈ/૫૭, તા.૨૧/૬/૧૯૯૩ થી શ્રીમતી મંજુલાબેન કે. ચૌહાણ, મુખ્યસેવિકાને ૯ વર્ષ પૂર્ણ કર્યા તારીખ ૧૩/૧/૧૯૯૩ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂ.૧૬૪૦-૨૯૦૦) મંજુર કરવામાં આવેલ હતું.

ઓડીટરશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ નાં અન્વેષણ દરમ્યાન પેરા નં-૭૧ થી આ અંગે વાંધો લેવાતા આમુખ (૩) થી નાણા વિભાગના તા. ૧૬/૮/૯૪ નાં ઠરાવની જોગવાઈ મુજબ બઢતીની જગ્યાની ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોવાથી પ્રથમ ઉચ્ચતર પગાર

ધોરણ (રૂ.૧૬૪૦-૨૯૦૦) રદ કરવામાં આવ્યું. આમુખ (૪) થી શ્રીમતી ચૌહાણનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રદ થતા તેમણે મેળવેલ વધારાના પગારની કુલ રૂ. ૧,૯૨,૫૦૧/- ની વસુલાતનો હુકમ કરવામાં આવ્યો. આમુખ (૫) થી શ્રીમતી ચૌહાણનું પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦ ના પગાર ધોરણમાં રીવાઈઝ કરવામાં આવ્યું.

શ્રીમતી ચૌહાણે એમનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણનો તા.૨૧/૬/૯૩ નો આદેશ કાયમી રાખવા નામદાર ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર સમક્ષ અપીલ કરી. જેમાં આમુખ (૧) થી નામદાર ટ્રીબ્યુનલે આમુખ (૬) ના પારા નં.૧ ની જોગવાઈ, "જે મુખ્યસેવિકાને તા. ૧૪/૦૧/૧૯૯૩ પહેલા નોકરીમાં ૯ વર્ષ પૂર્ણ થતા હોય તેઓને ખાતાકીય પરીક્ષાના નિયમો સરકારશ્રીના તા.૧૪/૦૧/૧૯૯૩ ના નોટીફિકેશનથી બનેલ હોઈ તેઓને પરીક્ષાના નિયમો લાગુ પડતા ન હોઈ, તેઓને ખાતાકીય પરીક્ષા પાસ કર્યા વગર નોકરીમાં સળંગ ૯ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉપધો મળવાપાત્ર થાય છે" ધ્યાને લઈને શ્રીમતી ચૌહાણની પ્રથમ ઉપધોની પાત્રતા તા.૧૩/૧/૯૩ હોઈ તેમને પરીક્ષા પાસ કરવાની રહેતી નથી તેમ જણાવી તથા નામ. સુપ્રિમકોર્ટના ચુકાદાના અવલોકનો ધ્યાને લઈને રૂ.૧,૯૨,૫૦૧/- ની રીકવરીનો આદેશ રદ કરવા તથા તા.૧૩/૧/૧૯૯૩ થી મંજુર થયેલ પ્રથમ ઉપધોનો આદેશ કાયમ રાખવાનો હુકમ કરેલ છે.

ઉક્ત હકીકતો ધ્યાને લઈને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

હુકમ:

આથી હુકમ કરવામાં આવે છે કે (A) શ્રીમતી મંજુલાબેન કે. ચૌહાણને એમની સેવાના નવ વર્ષ પૂર્ણ થયા તા.૧૩/૧/૧૯૯૩ થી મંજુર કરવામાં આવેલ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ (રૂ.૧૬૪૦-૨૯૦૦) નો તા.૨૧/૬/૧૯૯૩ નો આદેશ કાયમી રાખવામાં આવે છે. (B) શ્રીમતી ચૌહાણનો પગાર પુન: રીવાઈઝ કરી પેન્શન નિયત કરવાનું રહેશે. (C) શ્રીમતી ચૌહાણ પાસેથી રૂ.૧,૯૧,૫૦૧/- ની રીકવરી કરવાનો આદેશ રદ કરવામાં આવે છે. (D) શ્રીમતી ચૌહાણને દસ દિવસમાં પેન્શન રીવાઈઝ કરી પેન્શનનું ચુંકવણું કરવાનું રહેશે.

આ હુકમ વિભાગની સમાનંકી ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૦/૪/૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

અંકિતા ક્રિશ્ચિયન

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

2. નિયામકશ્રી, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭નં.૧૭, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. સેક્શન અધિકારીશ્રી, મ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
6. પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર – ઉક્ત હુકમનો તાત્કાલિક ધોરણે નિયત સમયમર્યાદામાં અમલ કરવાનો રહેશે.
7. બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, આઈસીડીએસ, કલોલ, જિ. ગાંધીનગર. (શ્રીમતી મંજુલાબેન પી. ચૌહાણની અસલ સેવાપોથી સામેલ છે.)
8. શ્રીમતી મંજુલાબેન કૌશિકકુમાર ચૌહાણ, ૧૧૭, સ્વાગત બંગલો, વિભાગ-૩, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ.
9. શાખા સિલેક્ટ ફાઈલ.